Te Tari Matawaka
Office of Ethnic Communities

**કામચલાઉ વિઝા ધારકો માટે COVID-19 કટોકટી લાભ લંબાવ્યા છે**

- કામચલાઉ વિઝા ધારકો માટે COVID -19 કટોકટી લાભમાં વધુ છ મહિનાનો વધારો કરવામાં આવ્યો છે.
- આ ટૂંકા સમયનો સપોર્ટ 28 ફેબ્રુઆરીએ સમાપ્ત થવાનો હતો પરંતુ આ વર્ષે 31 ઑગસ્ટ સુધી વધારવામાં આવ્યો છે.
- COVID -19 હજુ અમુક દેશોની મુસાફરીને મર્યાદિત રાખીને, કટોકટી લાભમાં વધારવાનો અર્થ સમાજ વિકાસ મંત્રાલય કામચલાઉ વિઝા ધરાવતા લોકોને મદદ કરવાનું ચાલુ રાખી શકે છે, જેમને સપોર્ટની જરૂર છે, મુશ્કેલીમ?? છે અને COVID -19 ને કારણે ઘરે પરત ફરી શકતા નથી.
- કટોકટી લાભ એવા લોકોના જીવન નિર્વાહના મૂળભૂત ખર્ચમાં મદદ કરી શકે છે જેઓ પોતાને સપોર્ટ કરી શકતા નથી અને COVID-19 ને કારણે ઘરે પરત ફરી શકતા નથી.
- **COVID-19 ચેતવણી સ્તર 1 હેઠળ:** લોકોએ તેમના કટોકટી લાભોની ચુકવણી 28 ફેબ્રુઆરીથી વધુ લંબાવી રાખવા માટે અથવા પ્રથમ વખત અરજી કરવા માટે કામ અને આવક સેવા કેન્દ્રની મુલાકાત લેવાની જરૂર છે. તમારા નજીકના સેવા કેન્દ્રને શોધવા, કૃપા કરીને નીચેની લિંક પર ક્લિક કરો: https://www.workandincome.govt.nz/about-work-and-income/contact-us/find-a-service-centre.
- **COVID-19 ચેતવણી સ્તર 2, 3 અથવા 4 હેઠળ:** લોકો તેમની હાલના કટોકટી લાભ ચુકવણીઓનું પુન: મૂલ્યાંકન કરાવવા અને 28 ફેબ્રુઆરીથી લંબાવવા માટે અથવા પ્રથમ વખત અરજી કરવા માટે કૉલ-બુક કરવા 0800 559 009 પર ફોન કરી શકે છે.
- જે લોકો કટોકટી લાભ માટે લાયક છે તેઓને વિન્ટર એનર્જી પેમેન્ટ, 1 મે 2021 થી ફેમિલી ટેક્સ ક્રેડિટ અને બેસ્ટ સ્ટાર્ટ ટેક્સ ક્રેડિટ પણ મળી શકે છે અને.
- કામચલાઉ વિઝા ધારકો કે જેઓ કટોકટી લાભ મેળવે છે તેમની પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે કે શક્ય હોય ત્યારે ઘરે પાછા ફરવા સહિત, પોતાને સપોર્ટ કરવા માટે કામ અથવા અન્ય રીતોની શોધ કરો.
- સામાજિક વિકાસ મંત્રાલય (એમએસડી) શક્ય હોય ત્યાં રોજગારની યોગ્ય તકો ધરાવતા લોકોને જોડાવવાનું ચાલુ રાખશે.
- અરજી કરવામાં સહાય:
    - તમે કોઈને કાર્ય ફોર્મ અને આવક સેવા કેન્દ્રના સ્ટાફ સહિત, અરજી ફોર્મ ભરવામાં તમારી સહાય માટે કહી શકો છો. ખાતરી કરો કે આ વ્યક્તિ અરજી ફોર્મમાં સહાયકનું નિવેદન પૂર્ણ કરે છે.
    - સામાજિક વિકાસ મંત્રાલય સાથે કામ કરતી વખતે તમે તમારા વતી કોઈ બીજાને કાર્ય કરવા પણ પસંદ કરી શકો છો. આ વ્યક્તિને એજન્ટ કહેવામાં આવે છે. તમારા વતી કોઈએ કામ કરવા વિશે વધુ માહિતી અહીં ઉપલબ્ધ છે: https://www.workandincome.govt.nz/on-a-benefit/your-rights-and-responsibilities/having-someone-act-on-your-behalf.html

- તમે તમારી પોતાની ભાષામાં કોઈની સાથે વાત કરવા વિનંતી કરી શકો છો. દુભાષિયાઓને ફોન પર એપોઇંટમેન્ટ માટેની અથવા ચેતવણી સ્તરની મંજૂરી હોય ત્યારે રૂબરૂમાં ગોઠવણ કરી શકાય છે.  દુભાષિયાઓની વધુ માહિતી અહીં ઉપલબ્ધ છે:

  https://www.workandincome.govt.nz/about-work-and-income/contact-us/language-lines/index.html

- COVID-19 કામચલાઉ વિઝા ધારકો માટે કટોકટી લાભ ઉપલબ્ધ છે વિશે કાર્ય અને આવક પર વધુ માહિતી વેબસાઇટ પર છે: https://www.workandincome.govt.nz/covid-19/temporary-visa-holders.html.

આ સંદેશનું ભાષાંતર સેવાઓ, આંતરિક બાબતોના વિભાગ દ્વારા ભાષાંતર કરવામાં આવ્યું છે અને બહુભાષી માહિતી નેટવર્ક દ્વારા શેર કરવામાં આવ્યું છે. નેટવર્ક પર વધુ માહિતી માટે Office of Ethnic Communities website પર જાઓ.